
# સ્વતંત્ર વ્યક્તિત્વ એ છુપાવાની નહીં, પણ ગર્વ લેવાની વાત છે

# રશ્મિકા મંદાના




રશ્મિકા મંદનાની જેમ ઘણા ઓછા સ્ટાર્સ જનરેશન ઝીની ભાષા બોલી શકે છે. હંમેશાં ઉર્જાવાન અને તાજગીભરી રશ્મિકાએ સિનેમા જગતમાં પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે અને આજના સમયની યુવા પેઢીની ‘નેશનલ ક્રશ’ બની છે. અહીં આપણી સાથે તે તેની કારકિર્દીના ઉતાર-ચઢાવ વિશે વાત કરે છે. તે પ્રામાણિક અને ડાઉન ટુ અર્થ રહીને અમારા દરેક સવાલોના જવાબ આપે છે. બ્લોકબસ્ટર ફિલ્મો અને દેશભરમાં તેની વધતી જતી લોકપ્રિયતા છતાં, તે પોતાના પગ જમીન પર રાખતાં શીખી છે.

શો-શા

**આજકાલ સોશિયલ મીડિયા બધાને એક રીતની જ જીવનશૈલી તરફ ધકેલી દે છે ત્યારે તારા માટે પોતાની સાથે પ્રામાણિક રહેવું અને ટ્રેન્ડ્સથી પ્રભાવિત ન થાય તેવું વ્યક્તિત્વ ધરાવવું કેટલું મહત્વનું છે?**

જ્યારે તમે કોઈ ચોક્કસ છબિમાં ફિટ થવાનો પ્રયત્ન કરતા નથી ત્યારે પ્રામાણિકતા સ્વાભાવિક રીતે આવી જાય છે. મને હંમેશાં જીવન જેવું છે તેવું શેર કરવામાં વધારે આનંદ આવ્યો છે, પછી ભલેને તે કોઈ રેન્ડમ વિચાર હોય, મિત્રો સાથેની મજાની સફર હોય, વર્કઆઉટનો સમય હોય કે કોઈ મુસાફરી હોય. લોકો સોશિયલ મીડિયા થકી મને જે જુએ છે, તે જ હું વાસ્તવિક જીવનમાં પણ છું અને તેના કારણે જ મને પોતાની સાથે પ્રમાણિક રહેવામાં મદદ મળે છે.

**એક એક્ટર પાસેથી ઘણી અપેક્ષાઓ રાખવામાં આવે છે. લોકો સેલિબ્રિટીઓને તુરંત જજ કરવા લાગે છે. મીડિયા અને ચાહકોની સતત નજરમાં રહેવાને તું કઈ રીતે ડીલ કરે છે?**

એક એક્ટર હોવાને કારણે તમે લોકોની નજરમાં સતત આવ્યા કરો છો અને તેઓ તમને જજ કરતા રહે છે. ઘણા વર્ષો પછી મને પણ સમજાયું કે તમે અભિપ્રાયને નિયંત્રિત કરી શકતા નથી, પરંતુ તેના પ્રત્યે કેવી પ્રતિક્રિયા આપવી તે તમારા હાથની વાત છે. હું મારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું પસંદ કરું છું અને હું વાસ્તવમાં જે છું તેના પ્રત્યે પ્રામાણિક રહું છું. લોકોને મારું કામ જ જવાબ આપી દે છે. લકીલી, મને મળતો પ્રેમ અને સપોર્ટ લોકોના ઘોંઘાટ કરતાં વધારે રહ્યો છે.

**એક કલાકાર તરીકે કઈ ફિલ્મે તારી કારકિર્દી બનાવી? તારા માટે કયું પાત્ર ખાસ રહ્યું છે?**

મારી દરેક ફિલ્મથી મારું ઘડતર થયું છે, પરંતુ કેટલીક એવી ફિલ્મો છે જે મારા માટે ખાસ છે. ‘કિરિક પાર્ટી’થી મને પહેલો બ્રેક મળ્યો, ‘ગીતા ગોવિન્દમ’થી દેશભરના લોકો મને ઓળખતા થયા, ‘પુષ્પા: ધ રાઇઝ’ એક સાંસ્કૃતિક ઘટના જેવી હતી અને ‘એનિમલ’ અને ‘છાવા’એ મને એક અભિનેતા તરીકે અલગ પડકાર આપ્યો. આ ફિલ્મો મારી કારકિર્દીમાં સીમાચિહ્નરૂપ બની રહી છે.

**જનરેશન ઝી વધુને વધુ સ્વજાગૃત બનતું ગયું છે. તેથી નિઃશંક અને નિડર વ્યક્તિત્વ વેગ પકડી રહ્યું છે. આ અંગે તારા શું વિચાર છે?**

મને તે ખૂબ ગમે છે. દરેક પેઢી આગામી પેઢીને થોડા બહાદુર બનવા માટે પ્રોત્સાહિત કરે છે. જનરેશન ઝી તેમને જે બાબત બીજાથી અલગ કરે છે તેને ઝડપથી સ્વીકારી લે છે. આ ખરેખર સારી બાબત છે. સ્વતંત્ર વ્યક્તિત્વ એ કોઈ છુપાવાની બાબત નથી, તે એવી બાબત છે જેને તમારે ગર્વથી લેવી જોઈએ.

**એવી કઈ બાબત છે જે તને હજી પણ નર્વસ કરે છે?**

દરેક નવી ફિલ્મ અને દરેક નવી રિલીઝ મને નર્વસ કરે છે, પછી તમે ભલેને કેટલાય વર્ષોથી આ ઇન્ડસ્ટ્રીમાં હોવ. તમે તમારા મનનો એક ખૂણો દુનિયા સામે ખોલીને મૂકી રહ્યા હોવ છો. મને લાગે છે કે તેટલા નર્વસ થવું એ સારી વાત છે, કારણ કે તે તમને યાદ અપાવે છે કે તે તમારા માટે કેટલું જરૂરી છે.

**તારી પર્સનલ ફેશન સ્ટાઇલ વિશે શું કહે અને આટલાં વર્ષોમાં તેમાં શું પરિવર્તન આવ્યું છે? શું તને ફેશન અભિવ્યક્તિનું એક માધ્યમ લાગે છે?**

ચોક્કસ. એક પણ શબ્દ બોલ્યા વિના પોતાની અભિવ્યક્તિ કરતી ફેશન એક સરળ માધ્યમ છે. આટલાં વર્ષોમાં મારી પર્સનલ ફેશનમાં ઘણું પરિવર્તન આવ્યું છે. મોટાભાગે તમે મને ઓવરસાઇઝ ટ્રાઉઝર અને ટી-શર્ટમાં જોતા હશો. હું સાથે સિમ્પલ એક્સેસરીઝ પહેરવાનું પસંદ કરું છું અને મારા મનપસંદ ફૂટવેર પહેરું છું. તે ઘણાં આરામદાયક હોય છે અને તે મારી સ્ટાઇલ છે. હું જે કંઈ પણ પહેરું તે મારા વ્યક્તિત્વને પ્રતિબિંબિત કરતું હોવું જોઈએ, જે હું વાસ્તવમાં છું.

**એવી કઈ 3 બાબતો છે જે તું શારીરિક રીતે ચુસ્ત અને ઉત્સાહી રહેવા માટે કરે છે?**

હું સ્ટ્રેન્થ ટ્રેનિંગ માટે સમય કાઢી લઉં છું અને ફંક્શનલ વર્કઆઉટ કરું છું. આ ઉપરાંત, સમતોલ આહાર અને પૂરતી ઊંઘ પણ મારા માટે જરૂરી છે. મારા માટે ફિટ હોવું એટલે સારા દેખાવું એ નથી, પરંતુ મને મારું કામ શ્રેષ્ઠ રીતે કરવા માટે ઉર્જા અને એનર્જી મળવી એ પણ મહત્વનું છે. •

# Riya Chakraborty

## એક્ટિંગમાં પાછા ફરવાનો વિચાર છે?




**પોડકાસ્ટ હોસ્ટિંગમાં સૌથી મજેદાર ભાગ કયો?**
ગેસ્ટનું અનએક્સ્પેક્ટેડ અને અનફિલ્ટર્ડ વર્ઝન જાણવું!
**ડ્રીમ પોડકાસ્ટ ગેસ્ટ કોણ છે?**
કિંગ ખાન
**એક્ટિંગમાં પાછા ફરવાનો વિચાર છે?**
કમબેક નહીં, ધિસ ઇઝ માય લેવલ અપ!
**નવો પ્રોજેક્ટ પસંદ કરતી વખતે શું જુઓ?**
સ્ટ્રોંગ સ્ટોરી અને ઈમ્પેક્ટફુલ કેરેક્ટર!
**એક્ટિંગ, હોસ્ટિંગ કે બિઝનેસ?**
ત્રણેયનું પરફેક્ટ બેલેન્સ!
**OTT કે બોલિવૂડ મસાલા ફિલ્મ?**
કન્ટેન્ટ-ડ્રિવન OTT, ઓલ ડે!
**રિયલ લાઈફમાં કોના પર સહેલાઈથી ટ્રસ્ટ કરે?**
પહેલાં વાઇબ ચેક, પછી ટ્રસ્ટ!
**ટ્રોલ્સ માટે એક ફ્રી મેસેજ?**
થેન્ક્સ ફોર ધ ફ્રી રીચ!
**ટ્રોલિંગ સામે બેસ્ટ હથિયાર કયું?**
બ્લોક બટન અને પીસ ઓફ માઇન્ડ!
**સોશિયલ મીડિયા ડીટોક્સનો બેસ્ટ રસ્તો?**
ફોન સ્વિચ ઓફ, દુનિયા સ્વિચ ઓન!
**ઇન્સ્ટાગ્રામ પર સૌથી વધુ શું જોવું ગમે?**
એસ્થેટિક રીલ્સ અને હોલસમ પેટ વીડિયોઝ!
**તારા માટે પાવરફુલ વુમન એટલે શું?**
પોતાની વાતથી ડરતી ન હોય એવી વુમન!
**બેગમાં હંમેશા રહેતી ત્રણ વસ્તુઓ?**
લિપ ઓઇલ, સનસ્ક્રીન અને એરપોડ્સ!
**સ્ટ્રેસ બસ્ટર શું છે?**
મનપસંદ પ્લેલિસ્ટ અને લોંગ ડ્રાઇવ!
**ફેવરિટ કમ્ફર્ટ ફૂડ?**
દાળ-ખિચડી અને ચીઝી પિઝા,
**બ્રેકઅપ પછી મૂવ ઓનનો મંત્ર?**
ફીલ કરો, હીલ થાઓ અને ગ્લો અપ કરો! •

# માનસી પારેખ હવે એક્ટ્રેસ નહીં રહી?

**માનસીનું ફોકસ હવે એકદમ ક્લિયર છે ગુજરાતી સ્ટોરીઝને માત્ર ગુજરાત પૂરતી ન રાખવી, પરંતુ તેને ગ્લોબલ ઓડિયન્સ સુધી લઈ જવી!**



માનસી પારેખ અત્યારે એક્ટિંગમાં વ્યસ્ત છે કે પ્રોડક્શનમાં? સવાલનો જવાબ છે બંનેમાં! એક તરફ તેની નવી ગુજરાતી ફિલ્મ ‘મિત્રતા’ રિલીઝ માટે તૈયાર છે, તો બીજી તરફ પતિ પાર્થિવ ગોહિલ સાથેની સોલ સૂત્ર કંપની હેઠળ એક પછી એક નવા પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે. એટલે માનસીનો હાલનો ફોકસ માત્ર પડદા પર દેખાવા કરતાં નવી ફિલ્મો બનાવવામાં પણ છે.

સૌથી પહેલાં વાત કરીએ ‘મિત્રતા’ની. આ ફિલ્મમાં માનસી સાથે વિરાટ ઘેલાણી, દીપ વૈદ્ય, વિશાલ પારેખ અને વિશ્વા જોશી જેવા કલાકારો છે.

એક્ટર્સ લાઈફ

ફિલ્મનું કેન્દ્ર મિત્રતા અને સંબંધો છે. જૂના મિત્રો વર્ષો પછી મળે ત્યારે સંબંધોમાં શું બદલાય છે અને ભૂતકાળની યાદો વર્તમાનને કેવી રીતે અસર કરે છે, એ વાતને ફિલ્મની સ્ટોરીમાં આગળ વધારવામાં આવી છે. માનસી અને વિરાટ લાંબા સમયથી મિત્રો હોવાથી બંનેની રિયલ લાઈફ મિત્રતાનો ટચ પણ ફિલ્મમાં જોવા મળશે.

આ ફિલ્મ સાથે માનસીનો પ્રોડક્શન વર્ક પણ જોડાયેલો છે. પાર્થિવ ગોહિલ સાથે મળીને તે સોલ સૂત્ર હેઠળ ગુજરાતી ફિલ્મો બનાવી રહી છે. કંપનીનો ફોકસ માત્ર એક પ્રકારની ફિલ્મો પર નથી. અલગ વિષય, અલગ ભાષા અને અલગ માર્કેટ માટે કન્ટેન્ટ તૈયાર કરવાની દિશામાં કામ થઈ રહ્યું છે.

‘ઝમકુડી’ પછી તેની બીજી કડી બનાવાઈ રહી છે. પહેલી ફિલ્મ હોરર-કોમેડી જોનરમાં હતી અને હવે સિક્વલને પણ એ જ ફ્રેન્ચાઈઝીના ભાગરૂપે આગળ લઈ જવાઈ રહી છે. એટલે માનસી માટે આ વખતે પણ માત્ર અભિનેત્રી તરીકે નહીં, પરંતુ પ્રોડક્શન તરફથી પણ કામ કરવાની જવાબદારી છે.

બીજો રસપ્રદ પ્રોજેક્ટ છે ‘અદ્ભુત’. આ ગુજરાતી-મરાઠી હોરર ફિલ્મમાં માનસી સાથે સ્વપ્નિલ જોશી છે. ખાસ વાત એ છે કે ફિલ્મને ગુજરાતી અને મરાઠી બંને ભાષામાં બનાવવામાં આવી રહી છે. એટલે એક જ સ્ટોરીને બે અલગ ભાષાના દર્શકો સુધી પહોંચાડવાનો પ્રયાસ છે. ગુજરાતી ફિલ્મ પ્રોડક્શનમાં ભાષાની સીમા આગળ વધારવાનો આ પ્રયોગ માનસીના હાલના કામનો એક મહત્વનો ભાગ છે.

પરંતુ સોલ સૂત્રનું કામ હવે માત્ર પ્રાદેશિક સિનેમા સુધી સીમિત નથી. કંપનીએ ઈન્ટરનેશનલ પ્રોજેક્ટ્સની પણ જાહેરાત કરી છે. તેમાં ‘પર્પલ અમેરિકા’નો સમાવેશ થાય છે. આ ફિલ્મ અમેરિકન લેખક રિક મૂડીની નવલકથા પરથી બની રહી છે. વાર્તામાં પરિવાર, મૃત્યુ, પ્રેમ અને જીવનના સંઘર્ષ જેવા વિષયો છે. આ પ્રોજેક્ટ દ્વારા માનસી અને પાર્થિવ ગુજરાતી ફિલ્મ પ્રોડક્શનથી આગળ વધીને આંતરરાષ્ટ્રીય કન્ટેન્ટમાં પણ પ્રવેશ કરી રહ્યાં છે.

આ ઉપરાંત ‘નંદાદેવી’ અને ‘લક્ષ્મણ’ જેવા પ્રોજેક્ટ્સ પણ ઈન્ટરનેશનલ સ્લેટમાં સામેલ છે. એટલે આગામી સમય માટે માનસીના કામમાં ત્રણ અલગ ટ્રેક જોવા મળે છે ગુજરાતી ફિલ્મો, અન્ય ભારતીય ભાષાઓના પ્રોજેક્ટ્સ અને ઈન્ટરનેશનલ કન્ટેન્ટ.

એક્ટિંગની વાત કરીએ તો પણ માનસી સતત નવા પ્રોજેક્ટ્સ સાથે જોડાયેલી છે. પરંતુ અત્યારે તેની કારકિર્દીનો રસપ્રદ ભાગ એ છે કે તે માત્ર મળેલી સ્ક્રિપ્ટમાં પોતાનું પાત્ર શોધતી નથી; પ્રોડ્યુસર તરીકે તે સ્ટોરી પસંદગીથી લઈને ફિલ્મ બનાવવાની પ્રક્રિયામાં પણ સામેલ છે.

અટલે માનસી પારેખનું હાલનું વર્ક શેડ્યૂલ એક ફિલ્મ પૂરતું નથી. ‘મિત્રતા’ની રિલીઝ, ‘ઝમકુડી 2’, ગુજરાતી-મરાઠી ‘અદ્ભુત’ અને ઈન્ટરનેશનલ પ્રોજેક્ટ્સ આ બધું મળીને તેની હાલની ફિલ્મી ઈનિંગનો મોટો હિસ્સો છે. હવે જોવાનું એ છે કે આમાંથી કયો પ્રોજેક્ટ દર્શકો સુધી સૌથી પહેલાં પહોંચે છે અને માનસીનો પ્રોડક્શનનો નવો ફેઝ ક્યાં સુધી જશે? •